# કડોદરામાં સાયબર ફ્રોડ-હવાલા કૌભાંડ

**રૂ.૧૮.૩૭** લાખના મુદ્દામાલ સાથે કડોદરાના બે આરોપી ઝડપાયા

**આરોપીઓ** ભાગીદારીમાં બોગસ બેંક ખાતાં ખોલાવી અન્ય લોકોને ભાડે આપતા હતા

**'રૂદ્રા'** કુરિયર મારફતે બોગસ બેંક ખાતાની કિટ, પાસબુક, સિમ કાર્ડ અને ચેકબુક મોકલી આપતો હતો



પલસાણાઃ સુરત ગ્રામ્ય પોલીસના સાયબર સેલ યુનિટે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતા એક મોટા આંતરરાજ્ય સાયબર ફ્રોડ અને હવાલા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે પોલીસે કડોદરાની સ્નેહવિલા રેસિડેન્સીના ફ્લેટ નં.૧૦૭માં દરોડા પાડીને બે યુવાનની ધરપકડ કરી છે. આ શખ્સો પાસેથી પોલીસે ૧૬.૧૦ લાખ રોકડા સહિત કુલ ૧૮.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં કડોદરા પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સાયબર સેલ યુનિટના મયૂરભાઈ કટારીયા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર પકડાયેલા આરોપીઓના નામ સુજલ નરોત્તમ અગ્રવાલ અને મોહિલ સંતોષ શર્મા છે. સુજલ મૂળ મધ્યપ્રદેશના ગ્વાલિયરનો હાલ અરિહંત પાર્ક કડોદરા, જ્યારે મોહિલ ઉત્તરપ્રદેશના આગ્રાનો વતની છે અને હાલ રહે અરિહંત પાર્ક કડોદરા ખાતે રહે છે. આ બંને આરોપી ભાગીદારીમાં બોગસ બેન્ક એકાઉન્ટ ખોલાવતા હતા અને તે એકાઉન્ટ અન્ય લોકોને ભાડેથી આપતા હતા. ઉપરાંત તેઓ પ્રતિબંધિત ગેમિંગ એપ્લિકેશનના એક્સેસ ખરીદીને ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેરાતો ચલાવતા હતા. આ જાહેરાતોમાં લોકોને ખોટાં પ્રલોભનો આપી તેમની સાથે છેતરપિંડી કરવામાં આવતી હતી. છેતરપિંડીથી મેળવેલા આ રૂપિયા આરોપીઓ બોગસ બેંક એકાઉન્ટમાંથી ઉપાડી લેતા હતા અથવા આંગડિયા પેઢી મારફતે મેળવતા હતા. આ રકમમાંથી તેઓ પોતાનું કમિશન કાઢી લેતા હતા અને બાકીના રૂપિયા આંગડિયા મારફતે રૂદ્ર તથા રોકી નામના અન્ય અજાણ્યા શખ્સોને મોકલી આપતા હતા. આરોપી સુજલે પૂછપરછમાં કબૂલાત કરી હતી કે તેણે પંદર લાખ રૂપિયા જેટલી રકમ અલગ અલગ આંગડિયા પેઢીઓ મારફતે મોકલી હતી અને રૂદ્રા સાથે વિદેશી વોટ્સએપ નંબરથી સંપર્કમાં રહેતો હતો. રૂદ્રા તેમને કુરિયર મારફતે બોગસ બેંક ખાતાની કિટ, પાસબુક, સિમ કાર્ડ અને ચેકબુક મોકલતો હતો.

### પોલીસે શું જપ્ત કર્યું

દરોડા દરમિયાન પોલીસને આરોપીઓના ફ્લેટમાંથી મોટા પ્રમાણમાં વાંધાજનક વસ્તુઓ મળી આવી છે. પોલીસે સ્થળ પરથી ૧૨૪ જેટલા અલગ અલગ કંપનીનાં સિમ કાર્ડ, ૧૯ ક્રેડિટ અને ડેબિટ કાર્ડ, યસ બેંક સહિત અન્ય બેંકોની કુલ ૨૩ ચેક બુક અને ૪ પાસબુક કબજે કરી છે. આ સાથે ૧.૭૨ લાખની કિંમતના ૮ મોબાઈલ ફોન અને ૫૫ હજારની કિંમતના એક આઈપેડ અને બે લેપટોપ પણ જપ્ત કરાયાં છે. એક થેલામાંથી કુલ ૧૬,૧૦,૦૦૦ રૂપિયાની રોકડ રકમ પણ મળી આવી હતી. પોલીસે કુલ ૧૮,૩૭,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી મુખ્ય સૂત્રધાર તરીકે કામ કરતા રૂદ્ર અને રોકીની શોધખોળ શરૂ કરી છે અને આગળની તપાસ હાથ ધરી છે.

# કાળા જાદુની શંકામાં સંસાર સળગ્યો 8 પિયરિયાએ સાસરિયાને ફટકાર્યા

**જૂના** કોસંબા સ્થિત બોનમિલ વિસ્તારમાં બનેલી ઘટના, માતા-પુત્રીને પિયરિયા ઉઠાવી ગયા

**કાળા** જાદુના આક્ષેપ કરનારી વહુને સમજાવવા કહેતાં સાસરિયા પર પિયરિયા તૂટી પડ્યા

સુરતઃ માંગરોળના જૂના કોસંબા સ્થિત બોનમિલ વિસ્તારમાં કાળા જાદુના ખોટા આક્ષેપોને લઈ કૌટુંબિક ઝઘડો થતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ મામલે કોસંબા પોલીસ સ્ટેશનમાં સાસુ-સસરા સહિત કુલ ૮ ઈસમ વિરુદ્ધ મારપીટ, ગાળાગાળી અને જાનથી મારી નાંખવાની ધમકી આપવા બદલ ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કોસંબાના બોનમિલ વિસ્તારમાં રહેતા અને ચોલામંડલ ફાઈનાન્સમાં નોકરી કરતા અસ્લમ ઈરફાન મલેકનાં લગ્ન દોઢ વર્ષ પહેલાં ખોલવડ ગામની મુઝક્કિરા સાથે થયાં હતાં. ગત તા.૧૩/૯/૨૦૨૬ના રોજ સાંજના પાંચેક વાગે મારી પત્ની મુઝક્કીરા તથા દીકરી ફાતીમાને મારી સાસુ શબાના તથા સસરા સાજીદ તેમની રિક્ષામાં બેસાડી અમારા ઘરે મૂકવા આવ્યાં હતાં. તે સમયે મારી માતા નજમાએ મારા સાસુ-સસરાને જણાવ્યું કે, 'તમારી દીકરીને કંઈક બે શબ્દો કહેતા જજો કે મારી ભાભી નશરીને કાળો જાદુ કરાવ્યો છે તેવા ખોટા આક્ષેપો કરે છે.' તેવું કહેતાં મારાં સાસુ-સસરાએ જણાવ્યું હતું કે, 'અમોને આ બધુ ખબર જ છે અને અમારા પર બધા સબૂત છે, આ બધુ નશરીને જ કરાવ્યું છે, અમને મૌલવીએ બધુ કીધું જ છે.' તેમ કહેતાં મારી માતા નઝમાએ તેમને 'મૌલવીને બોલાવો અને ખુલાસો કરો' તેમ જણાવતાં મારાં સાસુ-સસરાએ આ મૌલવી એક મહિના પહેલા મરણ ગયા છે એવું જણાવ્યું હતું. ત્યારબાદ છએક વાગે મારાં સાસુ-સસરા પોતાના ઘરે ખોલવડ ગામે ચાલી ગયાં હતાં. બાદ રાત્રિના આશરે સાડા અગિયારેક વાગે જમી પરવારી કરી ઊંઘવા પડ્યાં હતાં તે સમયે મારી પત્ની મુઝક્કીરા જણાવતી હતી કે, 'તારી મામી નશરીને કાળો જાદુ કરાવ્યો છે' કહી મારી સાથે બોલાચાલી કરવા લાગી હતી.

બાદ ૧૪ સપ્ટેમ્બરના રોજ રાત્રે આશરે ૨:૩૦ વાગ્યાના સુમારે અસ્લમના સસરા સાજીદ ઈસ્માઈલ પીરન કુરેશી, સાસુ શબાનાબેન (રહે.,રાણી મહોલ્લો, ખોલવડ), ઈમરાન પઠાણ (રહે.,ભરૂચ), અઝહર મલેક અને અન્ય ચાર અજાણ્યા ઈસમો રિક્ષા તથા ફોરવ્હીલર ગાડી લઈને અસ્લમના ઘરે પહોંચ્યા હતા. તેઓએ ઘરની બહાર આવી ગાળો આપી હુમલો કર્યો હતો. અઝહરે અસ્લમનું ગળું પકડી માર માર્યો હતો તેમજ વચ્ચે પડેલા ભાઈ આરીફ, બહેન આરેફા અને મામી નશરીન સાથે ઝપાઝપી કરી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. એટલું જ નહીં આરોપીઓએ અસ્લમની પત્ની અને ૧ વર્ષની પુત્રી ફાતેમાને બળજબરીથી ગાડીમાં બેસાડી સાથે લઈ ગયાં હતાં અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પરિવારજનોએ તાત્કાલિક 'જનરક્ષક ૧૧૨' પર ફોન કરતાં તમામ હુમલાખોરો સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. આ બનાવ અંગે અસ્લમ મલેકની ફરિયાદના આધારે કોસંબા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અંબિકાના અલગટ ગામમાં જૂની અદાવતમાં યુવક પર લાકડીથી હુમલો

અનાવલઃ અનાવલના અલગટ ગામના પારસી ફળિયામાં રહેતા ૨૯ વર્ષીય પ્રિતેશકુમાર પટેલ પર તેમના જ ફળિયાના જીગ્નેશ પટેલે લાકડી વડે જાનલેવા હુમલો કર્યો છે. ગત ૧૪ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યાના સુમારે જાહેર રોડ પર જીગ્નેશે પ્રિતેશને આંતરી બોલાચાલી કરી હતી. પોતાની પત્ની સાથે પ્રિતેશને ભૂતકાળમાં પ્રેમસંબંધ હોવાની અદાવત રાખી ઉશ્કેરાયેલા જીગ્નેશે લાકડીના સપાટા મારી પ્રિતેશને માથા તથા ખભાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને જાહેરમાં ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે અનાવલ પોલીસે પ્રિતેશની ફરિયાદ આધારે આરોપી જીગ્નેશ પટેલ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### 13 વર્ષથી ફરાર આરોપી બિહારથી ઝડપાયો

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં 13 વર્ષથી પોલીસને ચકમો આપી રહેલા લૂંટ-મર્ડરના ગુનાના મોસ્ટ વોન્ટેડ આરોપી સંતોષ પ્રસાદ બુધન પ્રસાદને ભરૂચ જિલ્લા પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે બિહારના ગોપાલગંજ જિલ્લાના લાંમીચોર-જગતોલી વિસ્તારમાંમાંથી તેને ઝડપી પાડ્યો છે. સંતોષ પ્રસાદ વાગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા લૂંટ-મર્ડરના ગંભીર ગુનામાં છેલ્લા 13 વર્ષથી ફરાર હતો. તે મોસ્ટ વોન્ટેડ ટોપ-10 યાદીમાં સંકળાયેલો હતો અને તેની સામે ઇનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. આરોપીની ધરપકડ બાદ તેને ભરૂચ લાવવામાં આવ્યો છે.






ડિમ્પલ મહાવંશી, સરદાર વિલા, બારડોલી



રોહન અને ધનુષ માસ્તર, એકતા યુવકમંડળ, સ્ટેશન રોડ, બીલીમોરા



નિકુંજ પટેલ, મહેતા ફળિયું, તલિયારા, ગણદેવી



મયુર પટેલ, દેવઘા મંદિર ફળિયા, ગણદેવી



જેનિશ, એકતા બાળમંડળ, મદ્રેસા, નવસારી



ભરત પટેલ, તળાવ ફળિયું, તડકેશ્વર, વલસાડ



રજનીકાંત ડી. પરમાર, ટાંકી સ્ટ્રીટ, કઠોર

# કીમમાં 7 જર્જરિત બિલ્ડિંગ 7 દિનમાં ખાલી કરો, નહીં તો ડિમોલિશન થશે

**35 વર્ષ** જૂના એપાર્ટમેન્ટ-કોમ્પ્લેક્સ જોખમી હાલતમાં

**પિલર**-સ્લેબના પોપડા ખરતાં ગમે ત્યારે દુર્ઘટનાની ભીતિ



કિરણ ઢોડિયા

કીમઃ કીમ ગામમાં વર્ષો જૂની જર્જરિત બહુમાળી ઈમારતોને લઈને ગ્રામ પંચાયતે આખરી ચેતવણી આપતાં લોકોમાં ચકચાર મચી છે. કીમ ગ્રામ પંચાયત દ્વારા જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી હરિહરનગર એપાર્ટમેન્ટ, જનક એપાર્ટમેન્ટ, ત્રિમૂર્તિ કોમ્પ્લેક્સ, સ્વામિનારાયણ કોમ્પ્લેક્સ, હરિકૃષ્ણ કોમ્પ્લેક્સ, સંજયપાર્ક અને સત્યમ એપાર્ટમેન્ટ સહિતની ઈમારતોને ભયજનક હાલતમાં હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. પંચાયતના જણાવ્યા મુજબ આ ઈમારતો આશરે 35થી 40 વર્ષ જૂની છે. કેટલીક મિલકતો છેલ્લાં ચાર વર્ષથી અવાવરું અને ખાલી પડી છે. ઈમારતોના મુખ્ય પિલર, સ્લેબ અને પ્લાસ્ટરના પોપડા સતત ખરી રહ્યા હોવાથી ચોમાસામાં ગમે ત્યારે ઈમારતનો ભાગ ધરાશાયી થવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

પંચાયતે ગ્રામજનો અને પદયાત્રીઓને આવી ઈમારતોની આસપાસ અવરજવર નહીં કરવા તથા વાહનો પાર્ક નહીં કરવા સૂચના આપી છે. ઈમારતોમાં વસવાટ કરતા લોકોને 7 દિવસમાં જગ્યા ખાલી કરવા આદેશ કરાયો છે. ઉપરાંત પંચાયત અને જિલ્લા વહીવટી તંત્ર મારફતે કાર્યવાહી પ્રગતિમાં હોવાનું નોટિસમાં જણાવાયું છે.

# અંત્રોલી ગેટ પાસે ચોરીના બે મોપેડ સાથે આરોપી પકડાયો



ઈલ્યાસ શેખ

પલસાણાઃ કડોદરા GIDC પોલીસના અ.હે.કો. શૈલેશભાઈ અને અ.પો.કો. અલ્તાફભાઈએ બાતમીના આધારે અંત્રોલી ગામના ગેટ નં.૨ પાસેથી ફૈઝલખાન શેરખાન પઠાણ (ઉં.વ.૨૯) (રહે.,જોલવા)ને ચોરીની મોપેડ સાથે ઝડપી પાડ્યો હતો. આરોપીએ કડોદરાના વરેલી પાટિયા પાસેથી 80,000ની કિંમતનું મોપેડ નં.(GJ-19-BP-6936) અને આઠેક મહિના પહેલાં સુરતના APMC સરદાર માર્કેટમાંથી ચોરેલું 25,000ની કિંમતનું અન્ય એક્ટિવા (GJ-05-PK-1786) કબજે કરાવ્યું હતું. પોલીસે કુલ 1,05,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મૂળ વ્યારાનો વતની અને ડ્રાઈવિંગ કરતો આ આરોપી રીઢો ગુનેગાર છે, જેની સામે અગાઉ ઉધના અને વ્યારા પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલા છે.

### સેઢાવ ગામેથી બાઈક ચોરાઈ

પલસાણાઃ સેઢાવ ગામે ક્રિષ્ના ફાર્મ પાછળ આવેલા ખેતરના તબેલામાં રહી પશુપાલન કરતા મૂળ સુરેન્દ્રનગરના સાયલાના ગોસળ ગામના ૨૩ વર્ષીય દેવાભાઈ મફાભાઈ બોળીયાની હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ.05.UK.7550) ચોરાઈ ગઈ છે. ગત ૮ સપ્ટેમ્બરના રોજ રાત્રે પાર્ક કરેલી આશરે ૧,૦૦,૫૦૦ની કિંમતની બાઈક કોઈ અજાણ્યો ચોર ઈસમ ૯ સપ્ટેમ્બરની સવાર દરમિયાન હંકારી ગયો હતો. આસપાસ શોધખોળ બાદ પણ પત્તો ન લાગતાં, આખરે દેવાભાઈએ ૧૫ સપ્ટેમ્બરના રોજ કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ચકલાદમાં વાહનની ટક્કરે આધેડનું મોત

આમોદઃ આમોદના ચકલાદ પાટિયા નજીક રાત્રિના સમયે એક આધેડ રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે કોઈ અજાણ્યા વાહનચાલકે તેમને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી ગંભીર હતી કે આધેડને ગંભીર ઈજા પહોંચતાં તેમનું મોત થયું હતું.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૩૪૬/૨૦૨૬
તા.૦૪/૦૮/૨૦૨૬

વાદી :- મહેશભાઈ સુમજીભાઈ ચૌધરી, રહે.કેવડીયા, ગુંદી ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦.

વિરુધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કેવડીયા ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મહેશભાઈ સુમજીભાઈ ચૌધરી, રહે. કેવડીયા, ગુંદી ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦એ તેઓના પતિ ટીનાબેન મહેશભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ટીનાબેન મહેશભાઈ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૩/૦૮/૨૦૧૮ ૩. મરણનું સ્થળ: મોજે.કેવડીયા, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ટીનાબેન મહેશભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૧/૧૦/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૪/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**મોજે : જંબુસર બ્લોક/સર્વે નં.૨૦૧૦ ની ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ**

**ભરૂચ** ડીસ્ટ્રીકટ, **જંબુસર** સબ ડીસ્ટ્રીકટ ના મોજે ગામ **જંબુસર** ના **બ્લોક/સર્વે નં. ૨૦૧૦, ખાતા નં. ૩૮૯૩ જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૪૧-૬૪ ચો.મી. જેનો આકાર રૂા. ૧૨.૦૦** પૈસાવાળી **જુની શરતની ખેતીની જમીન** રેવન્યુ રેકર્ડમાં **મેહમુદાબેન તે ઈલ્યાસભાઈ ઈબ્રાહીમ યુસુફની ઓરત** નુ નામ માલીકી/કબજેદાર તરીકે ચાલી આવેલા હોવાનું જણાવી તથા તેઓને સદરહુ ખેતીની જમીન અંગે હરકોઈ રીતનો વહીવટ અને વ્યવસ્થા કરવાનો અધિકાર હોવાનું જણાવી તથા ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલ **ઈબ્રાહીમ ઈસ્માઈલ મુલ્લા** તથા **ખદીજાબીબી ઈબ્રાહીમ મુલ્લા** ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ જમીન બાબતમા કોઈપણ સરકારી, ખાનગી યા સહકારી બેંક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે દર દાવો કબજામા હિત સંબંધ સાટાખત બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી ખત, ગીરોખત, કોઈના રસ્તા વપરાશના ઈઝમેન્ટના હક્કો, અધિકાર હોય તો દિન-૭ ની મુદતમાં દસ્તાવેજી પુરાવા સહીત લેખીત જાણ કરવી. નહિતર મુદત વિત્યે કોઈનો હક્ક, હિત નથી એમ માની અથવા તો તેવા તમામ હક્કો તેઓએ જતા કર્યા યાને વેવ કર્યા હોવાનું માની હમારા અસીલ પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં પુર્ણ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની તકરાર, દર દાવા કે વાંધા વચકાને અવકાશ રહેશે નહી જેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : સુરત
ઓફીસ : ચુ/૪, એ-વીંગ, રાહત એપાર્ટમેન્ટ, પટની કોલોની પાસે, મુગલીસરા, સુરત.
મો.૯૮૯૮૨ ૩૨૧૯૪, ૯૯૭૮૬ ૧૩૫૭૯

**અબુબકર એ. દરિયાઈ**
તે ખરીદનારના એડવોકેટ

### પલસાણાના મેઘા પ્લાઝામાંથી દેશી તમંચો, જીવતા કારતૂસ સાથે એક ઝડપાયો

પલસાણાઃ સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે પલસાણાના મેઘા પ્લાઝાના હરેકૃષ્ણ રેસિડેન્સીના પહેલા માળે રૂમ નં-૧૦૬માંથી રવિકાન્ત નેક્ષુલાલ કશ્યપ (ઉં.વ.૩૦) ની અટક કરી હતી. પોલીસે તેની પાસેથી રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમતનો એક દેશી હાથ બનાવટનો તમંચો અને રૂપિયા ૨૦૦ની કિંમતનો એક જીવતો કારતૂસ મળી કુલ રૂપિયા ૧૦,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી હાલ પલસાણામાં રહે છે અને મૂળ ઉત્તર પ્રદેશના કાસગંજ જિલ્લાનો વતની છે. આ ગુનામાં પલસાણાની અલાઉદ્દીન બિલ્ડિંગમાં રહેતા અને મૂળ બિહારના અરૂણને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.



# વદેશિયાને વિકાસ યોજનામાં ન સમાવાય તો આંદોલનની ચીમકી

માંડવીઃ માંડવીના સંપૂર્ણ આદિવાસી વસતી ધરાવતા વદેશિયા ગામને 'આદિ આદર્શ ગામ યોજના' અથવા તેને સમકક્ષ વિશેષ વિકાસ યોજના હેઠળ તાત્કાલિક સામેલ કરી વિશેષ ગ્રાન્ટ ફાળવવાની ઉગ્ર માંગ સાથે સરપંચ મિતલ ચૌધરી દ્વારા રાજ્યના મુખ્યમંત્રી તેમજ આદિજાતિ વિકાસ વિભાગને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ગામ વર્ષોથી સરકારી યોજનાઓના પૂરતા લાભથી વંચિત રહ્યું હોવાનો આક્ષેપ કરી અત્યાર સુધી રહી ગયેલા વિકાસ લાભોની તટસ્થ સમીક્ષા કરી વિશેષ પેકેજ મંજૂર કરવા અનુરોધ કરાયો છે. આ ઉપરાંત ટ્રાઈબલ સબ પ્લાન (TSP) હેઠળ "આદિવાસી આપત્કાલીન સહાય નિધિ"ની રચના કરી આગ, અતિવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિઓમાં પરિવારોને તાકીદે સહાય આપવા માંગણી દોહરાવાઈ છે. સરપંચે ચીમકી ઉચ્ચારી છે કે ગામ ન્યાયિક હક માંગી રહ્યું છે, જો નિયત સમયમર્યાદામાં યોગ્ય નિર્ણય નહીં લેવાય તો ગ્રામજનો સાથે માંડવી સ્થિત TSP કચેરી સમક્ષ ઉગ્ર આંદોલન કરાશે. આ રજૂઆત માંડવી પ્રાયોજના વહીવટદાર મારફતે સરકારમાં મોકલાઈ છે.


Milano MULTIPLEX
બારડોલી
Haiwaan
10:00am, 12:00pm, 04:00pm, 09:00pm
Mirzapur : The Movie
11:00am, 02:00pm, 06:00pm, 10:00pm
Hanuman Ansh
03:00pm, 06:30pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333






